






૧૮/૮/૨૨ **જન્માષ્ટમી ની ઉજવણી:** આજ રોજ શાળામાં જન્માષ્ટમી ની ઉજવણી કરાવવામાં આવી જેમા ક્રિષ્ણ ભગવાનનો સુંદર ઝુલો શણગારવામાં આવ્યો અને તેમાં નાના લાલજીને બેસાડી ઝુલાવવામાં આવ્યા. આ દિવસે બાળકોને નાના કાનાજી, રાધા, મીરા, સુદામા, યશોદા, વાસુદેવ વગેરે બનાવવામાં આવ્યા હતા. અને નાના ક્રિષ્ણ દ્વારા મટકી ફોડનો કાર્યક્રમ કરાવવામાં આવ્યો અને બાળકોએ રાસગરબા તેમજ **નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી** જેવા નારા બોલાવી આનંદ માણ્યો હતો. ( સમગ્ર સ્ટાફ )






૨૭/૮/૨૨ નારાયણ વિદ્યાલયનાં પટાંગણમાં વન ડે નાઇટ સ્ટે પિકનિકનું સુંદર આયોજન કરવામાં આવ્યું. આ પિકનિકમાં શનિવારે બપોરનાં ૨:૪૫ વાગે બાળકોનું ખૂબ સુંદર રીતે વેલકમ કરી આવકાર આપવામાં આવ્યો.નાના નાના બાળકો મજાની નાની બેગ લઇને શાળામાં આવ્યા હતાં. બાળકોના આવ્યા પછી હનુમાન ચાલીસા કરાવી દૂધ – બિસ્કીટનો નાસ્તો કરાવીને બાગમાં લઇ ગયાં હતાં. બાગમાં ગયાં પછી બાળકોને રમવાની મજા આવી ત્યાં તેમને કોલ્ડ્રીંકસ આપી હતી. ત્યાર પછી ફરી શાળાએ આવી બાળકોએ જમ્પિંગ અને બધા રમકડાં રમીને આનંદ કર્યો. બાળકોએ ફ્રેશ થઇને નારાયણ બાપુની આરતી કરી હતી. પછી જમવા બેસાડયાં હતાં.પાઉ ભાજી અને પાસ્તા જમીને ફરી રમવા ગયાં પછી મૂવી બતાવ્યું અને બાળકો પછી સૂઇ ગયાં હતાં.

૨૮/૮/૨૨ બીજા દિવસે બાળકોના ઉઠયાં પછી શિક્ષકોએ બાળકોને બ્રશ કરાવીને નવડાવ્યાં અને તૈયાર કરી પ્રાર્થના કરાવી, દૂધ અને પૌંઆ બટાટા નો નાસ્તો કર્યા પછી તેમને મેદાની રમતો જેમકે રસ્સા ખેંચ, સતોડિયું, ખો ખો કબડ્ડી રમાડયા અને ડાંસ પણ કરાવ્યો. આ પ્રવૃતિમાં બાળકો સાથે શિક્ષકોએ પણ રમતોનોં આનંદ અનુભવ્યો હતો. ત્યારબાદ બાળકો પુલાવ, કઢી, પૂરી, શાક, અને શીરા જેવું પૌષ્ટિક જમવાનું જમાડયા પછી બાળકોનાં માતા-પિતા આપેલા સમય પ્રમાણે તેમને લેવાં આવ્યાં હતાં.આ સમગ્ર બે દિવસનાં કાર્યક્રમનો હેતુ એ હતો કે, બાળકો એક રાત્રે પોતાના માતા પિતા વગર રહી શકે, શિક્ષકોનો આદર કરતા થાય શિક્ષકોને પોતાની માતા જેવો આદર આપતાં થાય. આ કાર્યક્રમ નક્કી કરેલ સમય પ્રમાણે સુંદર રીતે પૂર્ણ કર્યો હતો.( સમગ્ર સ્ટાફ )










૬/૯/૨૨ **શિક્ષકદિનની ઉજવણી:** નર્સરી, શિશુ, ૧, ૨ ના બાળકોના વાલીઓ માંથી એક એક વાલી એટલે કે તેમના માતાને શિક્ષક તરીકે બાળકોને ભણાવવાનો લાભ આપવામાં આવ્યો. જેમાં તેઓને વર્ગમાં કેવી રીતે ભણાવવાનું અને બધા બાળકોને કેવી રીતે સાચવવા તેનો અનુભવ થયો. તેમજ વાલીશ્રીઓ એ પોતાનો અનુભવ લખી વર્ગ શિક્ષકો સાથે શેર કર્યો.

૧/૯/૨૨ **મેડીકલ ચેકઅપ કેમ્પ:-** અક્ષર ફિઝિયોથેરીપી કલીનીક દ્વારા ૧૦ દિવસનો ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ રાખવામા આવ્યો. જેમા પ્રિ.પ્રાયમરી ગુ.માધ્યમના તમામ વિદ્યાર્થીઓનું ચેકઅપ કરવવામાં આવ્યું. આ કેમ્પ થકી વાલીઓને પોતાના બાળકોમાં રહેલી શારિરીક ઉણપનો ખ્યાલ આવ્યો, અને તેનુ નિરાકરણ મળ્યુ હતું.






**૮/૯/૨૨** **ગણપતિ ઉત્સવ:-** ગણપતિના ઉત્સવમાં પૂર્વ પ્રાથમિક વિભાગના બાળકોને શાળાની નજીક આવેલા ત્રિમૂર્તિહોલનાં મંડપમાં ગણેજીની કેદારનાથ ધામ વાળી ભવ્ય પ્રતિમાના દર્શન કરાવી શ્લોક, પૂજા, આરતી કરાવી. બધાબાળકોએ ખૂબ આંનદ અનુભવ્યો. (સમગ્ર સ્ટાફ)





**3/૧૦/૨૨** **નવરાત્રી ઉજવણી:** આજરોજ શાળામાં નવરાત્રી ઉજવણી નિમિતે બાળકો અને શિક્ષક મિત્રોએ સરસ રંગબેરંગી પહેરવેશ ધારણ કરી. માં અંબેની સ્તુતિ, આરતી તેમજ થાળ ધરાવી ગરબા કર્યા હતા. જેમાં બાળકોને ગરબા રમવાની ખૂબ મજા આવી હતી. (સમગ્ર સ્ટાફ)





દિવાળી સેલીબ્રેશન: શિક્ષકોની સાથે મળી બાળકોએ ફટાકડા ફોડયા દિવાળીના તહેવારની ઉજવણી કરવામાં આવી. (સમગ્ર સ્ટાફ)

**૧૮/૧૦/૨૨** **દિવાળી ગિફ્ટ વીતરણ:-** શ્રી સુહાગ ધન પ્રસાદ મહેતા, સુધા સુહાગ મહેતાના હસ્તે નર્સરીના વિદ્યાર્થીઓને રાઇટીગ પેડ, શિશુ-૧ મેજીકબુક અને શિશુ-૨ કંપાસબોક્ષની ગીફ્ટ આપવામાં આવી હતી. બાળકોને દિવાળી ગીફ્ટ મળવાથી તેઓ ખૂબ ખુશ થયા હતા.






**૧૯/૧૦/૨૨** દિવાળી સેલીબ્રેશન: શિક્ષકોની સાથે મળી બાળકોએ ફટાકડા ફોડયા દિવાળીના તહેવારની ઉજવણી કરવામાં આવી. (સમગ્ર સ્ટાફ)




